અપીલ અરજી નં.૭૮ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાનરોડથી બોમ્બે માર્કેટ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં કુલ કેટલા ઝુંપડાઓનું ડીમોલીશન કરવાના છે તેની ટોટલ સંખ્યા કેટલી એની માહિતી આપો? અત્યારે હાલમાં જે ઝુંપડાઓનું ડીમોલીશન કરવામાં આવનાર છે તે ઝુંપડા કોની માલીકીની જમીન પર છે? કેન્દ્ર સરકારની વેધશાળાની જગ્યા પર છે? કે સુરત મહાનગરપાલિકાની જગ્યા પર છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૮/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૮–૪–૧૧ ની અરજીથી લંબે હનુમાનરોડથી બોમ્બે માર્કેટ જવાના રસ્તા પર આવેલ દલિત વસાહત સેવા સંઘ ઝુંપડપટ્ટીમાં કુલ કેટલા ઝુંપડાઓનું ડીમોલીશન કરવાના છે તેની ટોટલ સંખ્યા કેટલી એની માહિતી આપો? અત્યારે હાલમાં જે ઝુંપડાઓનું ડીમોલીશન કરવામાં આવનાર છે તે ઝુંપડા કોની માલીકીની જમીન પર છે? કેન્દ્ર સરકારની વેધશાળાની જગ્યા પર છે? કે સુરત મહાનગરપાલિકાની જગ્યા પર છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે વધુમાં અરજદારે કરવામાં આવનાર કામગીરીની માંગેલ વિગતો ધ્યાને લેતાં એવી કોઈ બાબત દફતરે ઉપલબ્ધ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૨૪૪ તા.૨૪–૫–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં કરવામાં આવનાર કામગીરી બાબતે તમોએ માંગેલ માહિતી અંગે તેમની કક્ષાએ કોઈ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૨ તા.૧૦–૫–૧૧ થી અરજદારને આપેલી માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૮–૪–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં માંગવામાં આવેલ માહિતી આપેલ નથી તેવું જણાવી તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૨૨ તા.૧૦–૫–૧૧ થી " સદર ઝુંપડપટ્ટીમાં સ્પોટ સર્વે મુજબ ૧૪૮ ઝુંપડાઓનું ડીમોલીશન કરવામાં આવેલ છે. સદર ઝુંપડા મંજુર ટીપી સ્કીમ મુજબ ટીપી નં.૮ (ઉમરવાડા) મહાનગરપાલિકાની માલીકીની તથા જીએસઆરટીસીની માલીકીની કબ્જા ફેરફાર હેઠળની જગ્યામાં છે. તેવું જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૮–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,